## "મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના "અંતર્ગત વિદ્યાર્થીઓને એજ્યુકેશન લોન પર વ્યાજ સબસીડી પ્રાપ્ત કરવા આપવા અંગેના નિયમો:

### શિક્ષણ વિભાગ, ઠરાવ ક્ર-પરચ-૧૦૧૭-૨૨૭૧૪૯-ખ, તા:- ૦૪.૦૭.૨૦૧૭

- અરજદાર દ્વારા ૧૨માં ધોરણની પરીક્ષામાં ૬૦% કે તેથી વધુ પર્સેન્ટાઈલ પ્રાપ્ત કરેલ હોવા જોઈએ.
- વિદ્યાર્થીના કુટુંબની કુલ વાર્ષિક આવક રૂ.૬.૦૦ લાખ કે તેથી ઓછી હોવી જોઈએ.
- ગુજરાત રાજ્યના માન્ય બોર્ડ અથવા માન્ય કેન્દ્રીય બોર્ડની ધોરણ-૧૨ની પરીક્ષા પસાર કરીને દેશ અને વિદેશની માન્ય યુનિવર્સીટીની કોલેજના અભ્યાસક્રમોમાં પ્રવેશ લીધો હોવો જોઈએ.
- અભ્યાસક્રમ અર્થે લોન ઠરાવની તારીખ ૦૪/૦૭/૨૦૧૭ પછી લીધેલ હોવી જોઇએ, પણ જો કોઈ વિધાર્થીની એજ્યુકેશન લોન તા:-૦૪/૦૭/૨૦૧૭ પહેલા મંજુર થયેલ હોય પરંતુ લોનનો ઉપાડ તા:૦૪/૦૭/૨૦૧૭ બાદ કરેલ હોય તો આવા વિધાર્થીઓની અરજીઓ માન્ય ગણાશે.
- વર્ષ-૨૦૧૧ પહેલા ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કરેલ વિદ્યાર્થીઓ જેઓની ધોરણ-૧૨ની માર્કશીટમાં પર્સેન્ટાઈલ દર્શાવેલ ન હોય તેઓ મેળવેલ પર્સન્ટેજના આધારે અરજી કરી શકે છે.
- જે વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ પછી ડીપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ લીધેલ હોય અને ત્યારબાદ સ્નાતક કે અનુસ્નાતક અભ્યસક્રમમાં પ્રવેશ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓ પાસે ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કર્યાનું પરિણામ ન હોવાથી તેવા વિધાર્થીઓ ડીપ્લોમા અભ્યાસક્રમમાં મેળવેલ CPI/CGPA/પર્સન્ટેજ (૬૦% કે તેથી વધુ)ના આધારે તેઓની અરજી કરી શકે છે.
- ધોરણ-૧૨ સાયન્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પરિણામમાં થીયરી, પ્રેક્ટીકલ અને ઓવરઓલ એમ ત્રણ રીતે પર્સેન્ટાઇલ દર્શાવવામાં આવેલા હોય છે તેવા વિધાર્થીઓ ત્રણ માંથી કોઈ પણ એક પરિણામ કે જેમાં ૬૦ કે તેના કરતા વધુ પર્સેન્ટાઈલ હોય તે પરિણામના આધારે અરજી કરી શકશે.
- CBSEની માર્કશીટમાં પર્સેન્ટાઈલ દર્શાવેલ હોતા નથી, તો આવા વિદ્યાર્થીઓએ મેળવેલ PCM/PCB માર્ક્સના આધારે પર્સેન્ટાઈલની ગણતરી કરવાની રહેશે.
- આ યોજના હેઠળ વિદ્યાર્થીએ અભ્યાસ માટે લીધેલી લોન પૈકી રૂ.૧૦ લાખ સુધીની લોન પરનું માત્ર વ્યાજ વિદ્યાર્થીના લોન એકાઉન્ટમાં જ જમા કરવામાં આવશે
- અને બેંકો દ્વારા વ્યાજની ગણતરી આર.બી.આઈ.ની ગાઈડલાઈન પ્રમાણે કરવાની રેહેશે.બેંકોને કોઇપણ ચક્રવૃદ્ધિ વ્યાજ કે કોઈપણ પરચુરણ ચાર્જ કે અન્ય ફી,પેનલ્ટી લેવામાં આવી હશે તો તે ચુકવવામાં આવશે નહીં.
- આ યોજનામાં  લોન આપવાની કોઈ વ્યવસ્થા નથી, તેથી લોનની માંગણી કરવી નહીં.
- અરજદારે કેસીજીની  વેબસાઈટ પર મુકવામાં આવેલ અરજીપત્રક ઓનલાઈન ભરીને એકનોલેજમેન્ટ રીસીપ્ટની પ્રિન્ટ લઈ એકનોલેજમેન્ટ રીસીપ્ટ અને જરૂરી દસ્તાવેજો શિડયુલ બેંકમાં જમા કરવાના રહેશે. ત્યારબાદ શિડયુલ બેંક દ્વારા અરજી જરૂરી એન્ડોર્સમેન્ટ, બેંક લોન અને વ્યાજની વિગતો ભરીને કેસીજી કચેરીએ મોકલવાનું રહેશે. ઓફલાઇન કરેલ અરજી સ્વીકારવામાં આવશે નહી.
- અરજદારને દસ્તાવેજોની ચકાસણી માટે જયારે પણ રૂબરૂ બોલાવામાં આવે ત્યારે ઉપસ્થિત રહેવું આવશ્યક છે.
- જો વિધાર્થી વિદેશમાં અભ્યાસ કરતો હોય તો વિધાર્થીએ બેંકમાં અરજી કરતી વખતે તેના વતી વિવિધ દસ્તાવેજોમાં સહી કરવામાં તેના માતા/પિતા પૈકી જે ને પણ ઓથોરીટી આપી હોય તેની પાવર ઓફ એટર્ની માન્ય ગણવામાં

આવશે અને વિદ્યાર્થી વતિ માતા અથવા પિતા જ સહી કરી શકશે કે રજૂઆત કરી શકાશે અન્ય કોઈને ઓથોરીટી આપી હશે તો માન્ય ગણવામાં આવશે નહીં.

- આવકના પ્રમાણપત્રમાં મામલતદાર/ટી.ડી.ઓ.નું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે. આ ઉપરાંત વિદ્યાર્થીએ તેના વાલી ઇન્કમટેક્ષનું રીટર્ન ભરતા હોય તો ઇન્કમટેક્ષના રીટર્નની નકલ અથવા ઇન્કમટેક્ષને પાત્ર આવક ન હોવાનું સેલ્ફ ડિક્લેરેશન ફોર્મ રજુ કરવાનું રહેશે.
- મોરેટોરીયમ પીરીયડ અનુસાર વ્યાજ માફી અભ્યાસક્રમ પૂરો થયા પછી પણ વધુ એક વર્ષ સુધી ચાલુ રહેશે.
- વિદ્યાર્થી જો નાપાસ થાય અને /અથવા અભ્યાસ છોડી દેશે ,અથવા બેંક જાતે જ જો લોન રદ કરે તો વ્યાજ સબસીડી બંધ કરવામાં આવશે.
- કોઈ સંજોગોમાં લોન ભરપાઈ થઇ જશે તો પણ આપોઆપ વ્યાજ સબસીડી બંધ કરવામાં આવશે.
- ભારત સરકાર,ગુજરાત સરકાર કે સરકાર હસ્તકની અન્ય સંસ્થાઓ પાસેથી સ્કોલરશીપ , શૈક્ષણિક લોન પર વ્યાજ સબસીડી કે અન્ય કોઈપણ યોજનાનો લાભ લીધેલ નથી તે અંગેનું સેલ્ફ ડિક્લેરેશન ફોર્મ રજુ કરવાનું રહેશે.

**ઉમેદવારને અરજીપત્રક ભરવામાં કે અન્ય કોઇ તકલીફ પડે તો હેલ્પ લાઈન નંબર ૦૭૯-૨૬૩૦૨૦૭૭ અને Email ID:-isel.kcg@gmail.com પર સવારે ૧૦:30 થી સાંજે ૬:30 સુધી સંપર્ક કરી શકશે.**